नामांक Roll No.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

No. of Questions – **11**
No. of Printed Pages – **4**

**S-73-Gujarati (T.L.)**

# माध्यमिक परीक्षा, 2017
# SECONDARY EXAMINATION, 2017

# ગુજરાતી
# (GUJARATI)
## (THIRD LANGUAGE)

समय : $3\frac{1}{4}$ घण्टे

पूर्णांक : 80

**પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ :**

(1) પરીક્ષાર્થી સૌપ્રથમ પ્રશ્નપત્ર પર પોતાનો નામાંક જરૂરથી લખે.

(2) દરેક પ્રશ્ન કરવા ફરજિયાત છે.

(3) પ્રત્યેક પ્રશ્નનો જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

(4) જે પ્રશ્નોમાં આંતરિક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

(5) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

(6) પ્રત્યેક પ્રશ્નનો જવાબ ગુજરાતી ભાષામાં લખવાનો છે.

1. નીચેનો અપઠિત ગદ્યાંશ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો :

વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાના ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવા જ હોય છે. સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે, શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે, સોનુ જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણના અંતે પણ પોતાના સદ્‌ગુણો તજતા નથી. જગત તેમની સ્તુતિ કરે કે ન કરે, તેઓ શ્રીમંત હોય કે ગરીબ, તેઓ ગમે તે સ્થિતિમાં હોય, પરંતુ તેઓ પોતાના માર્ગમાંથી ચલિત થશે નહિ. જે બીજાના માટે જીવતો નથી તેનું જીવન નિરર્થક છે. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ પોતાનું જીવન સાર્થક કરે છે.

**પ્રશ્નો :**

(i) પરોપકારી મનુષ્યો કોના જેવા હોય છે ? **2**

(ii) સુખડ, શેરડી અને સોનાની શી વિશેષતા છે ? **2**

(iii) કોનું જીવન નિરર્થક છે ? **2**

(iv) કેવા લોકો પોતાનું જીવન સાર્થક કરે છે ? **2**

(v) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો. **2**

2. નીચેનામાંથી ગમે તે **એક** વિષય પર નિબંધ લખો : **8**

(i) વિદ્યાર્થી અને સમાજ

(ii) મારી શાળા

(iii) પ્રદૂષણ – એક ગંભીર સમસ્યા

(iv) હોળી

(v) પર્યાવરણ સુરક્ષા

3. તમારી શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમ થઈ ગયો. તેનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો. **7**

4. નીચેનો પઠિત ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો :

એક વેપારીએ પાંજરામાં એક પંખી રાખેલું. તે હિંદની મુસાફરીએ જવાનો હતો. પંખીનું વતન હિંદમાં હતું એટલે તેણે પંખીને પૂછ્યું : 'તારા માટે હું શું લેતો આવું ?' પંખીએ ગુલામીમાંથી મુક્તિ માગી પણ વેપારીએ ના પાડી. એટલે પંખીએ વેપારીને કોઈ એક જંગલમાં જઈને ત્યાંના મુક્ત પંખીઓને પોતાની ગુલામીના સમાચાર આપવા કહ્યું.

**પ્રશ્નો:**

(i) વેપારીએ પાંજરામાં શું રાખેલું હતું ? **1**

(ii) પંખીનું વતન ક્યાં હતું ? **1**

(iii) વેપારીએ પંખીને શું પૂછ્યું ? **1**

(iv) પંખીએ વેપારી પાસે શું માંગ્યું ? **1**

(v) પંખી શબ્દના બે પર્યાયવાચી શબ્દ લખો. **1**

5. નીચેના પ્રશ્નોના માંગ્યા પ્રમાણે જવાબ આપો :

(અ) (i) નીચેના વાક્યને નકાર-વાક્ય બનાવો : **2**

છોકરાઓ ધાબા ઉપર ચઢ્યા.

(ii) નીચેના વાક્યને હકાર-વાક્ય બનાવો : **2**

રામુકાકા ખેતર તરફ ગયા નથી.

(બ) (i) વિરુદ્ધાર્થી શબ્દો લખો : **2**

(1) અનુકૂળ

(2) શીત

(ii) નીચેના વાક્યમાંથી સંજ્ઞા અને વિશેષણ ઓળખાવો : **2**

બાળકો ભવ્ય પ્રદર્શન જોવા ગયા.

(ક) (i) વાક્ય સુધારો : **2**

ભેટો અંગત ન હોય જાહેર સેવકને

(ii) પ્રશ્નવાક્ય બનાવો : **2**

તળાવમાં કમળ છે.

(ડ) (i) લિંગ બદલો : **2**

વાંદરો કૂદ્યો.

(ii) વચન બદલો : **2**

(1) પર્વત

(2) હાથી

(iii) રૂઢિપ્રયોગોનો અર્થ આપી, વાક્યપ્રયોગ કરો : **4**

(1) અખાડા કરવા

(2) મુખ સિવાઈ જવું

નીચેના ગદ્ય પ્રશ્નોના જવાબ લખો :

6. કપિલવસ્તુ અને કોલિયગ્રામ વચ્ચે પાણીની શી સમસ્યા ઊભી થઈ ? **5**

7. છેવટે ગાંધીજીએ ભેટ સંદર્ભે શો નિર્ણય લીધો ? **5**

8. 'પેન્સિલ છોલતા મહેતાજી' પાઠમાં મહેતાજીનું શબ્દચિત્ર તમારા શબ્દોમાં આલેખો. **5**

નીચેના પદ્ય પ્રશ્નોના જવાબ લખો :

9. 'મને ચાકર રાખોજી' પદને આધારે મીરાબાઈનો કૃષ્ણપ્રેમ તમારા શબ્દોમાં વર્ણવો. **5**

10. 'નમું' કવિતામાં કવિ કોને નમન કરવા માગે છે ? કેમ ? **5**

11. સ્વતંત્રતા ન મળે ત્યાં સુધી સપૂત કઈ-કઈ પ્રતિજ્ઞા કરે છે ? **5**

---